Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# ભારતને સશક્ત બનાવવા યુવાનોની ભૂમિકા.

રાજવીકલ્પનાબેન એમ.
મદદનીશ શિક્ષક કોલવડા કન્યાપ્રા.શાળા-1
ગાંધીનગર શહેરી વિસ્તાર મો.નં-9574095950
Email ID- kalpanarajavi@gmail.com

**પ્રસ્તાવના:-**

ઘટમાં ઘોડા થનગને, આતમવીંઝે પાંખ,

અણ દીઠેલી ભોમ, પરયૌવનમાંડે આંખ.

આ પંક્તિઓમાં યુવાનોમાં રહેલ સાહસવૃતિનું અદભૂત નિરૂપણ કરી,આબાદ પ્રતિબિંબ રજૂ કર્યું છે. આજના આ ડિઝીટલ યુગમાં યુવાનોમાં રહેલ શક્તિનો સાચો ઉપયોગ ભારત ભૂમી માટે કરવા અને ભારતના રક્ષણ કાજે સમર્પિત કરવા યુવાનોને ઉદ્દેશીને કવિ નર્મદે ખૂબ જ આબેહૂબ રીતે પંક્તિઓ ની રચના કરી છે. "ચલો સૌ જીતવા જંગ, બ્યુગલો વાગે, યાહોમ કરીને પડો, ફતેહ છે આગે."

યુવાપેઢી પાસે જોમ, ઉત્સાહ, સાહસવૃત્તિ હોય છે. યોગ્ય દિશા મળે તો અશક્ય લાગતા કાર્યો પણ પાર પાડી શકે છે. પરંતુ દિશાના અભાવે એની જીવનની નાવ ભટકી પણ જઈ શકે છે. આથી ભારતની યુવાપેઢીને સાચી દિશા મળી રહે તે ખૂબ જ જરૂરી છે.

સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન આપેલા બલિદાન ને યાદ કરી તેમને ભારત માટે આપેલ યોગદાન અને અનેક ચળવળો કરી ઇતિહાસ રચ્યો છે. તેવા વીર સપૂતો ભગતસિંહ, મદનલાલ ઢીંગડા, ચંદ્રશેખર

આઝાદ, ક્રાંતિવીર સાવરકર, વિનોદ કિનારીવાલા વગેરે અગણિત નામી- અનામી યુવાનોએ પોતાના પ્રાણોનું બલિદાન હસતાં – હસતાં આપ્યું છે.

આજે ભારતને એક ભારત શ્રેષ્ઠ ભારત બનાવવા યુવા પેઢીના ડૉક્ટરો, એન્જિનીયરો, વકીલો, શિક્ષકો, વૈજ્ઞાનિકો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, રમતવીરો એ અકલ્પ્ય વિકાસની ક્ષિતિજો સર કરી બતાવી છે. જેના પરિણામે આપણો દેશ આજે ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરી શક્યો છે.

ડૉ.વિક્રમ સારાભાઈ અને તેમના અનામીઓ એ વર્ષો સુધી જહેમત ઉઠાવી ભારતને મહાન અણુસત્તા નો દરજ્જો અપાવ્યો છે. અવકાશી સંશોધનો અને ઉપગ્રહોના નિર્માણના ક્ષેત્રે દેશ આત્મનિર્ભર થઈ ચૂક્યો છે. સોય જેવી વસ્તુની આયાત કરનાર આપણો દેશ સોફ્ટવેર ટેકનોલોજીની નિકાસ કરી રહ્યો છે.

ટેલિકોમ્યુનિકેશન અને ઇન્ફોર્મેશન–સોફ્ટવેર ટેકનોલોજી ના ક્ષેત્રે વિશ્વની મહાસત્તા ગણાતા દેશોની હરોળમાં આવી ગયો છે. આમ છતાં આપણા દેશો સાધેલી પ્રગતિ પર્યાપ્ત નથી. વસ્તી વધારો, ભૂખમરો, બેકારી, ભષ્ટ્રાચાર, પ્રદૂષણ અને આતંકવાદ જેવી સમસ્યાઓ આપણા દેશના વિકાસમાં ઠીક ઠીક બાધક નીવડી રહી છે. નિરક્ષરતા સંપૂર્ણ પણે નાબૂદ થઈ શકી નથી.

ખેલાડીઓ વિશ્વકક્ષાની સ્પર્ધાઓમાં આજે પણ ઉણા ઉતરી રહ્યા છે. યુવાપેઢીએ હજુ પણ ઊભી થતી સમસ્યાઓ પોતાની સમજીને હલ કરવા કમર કસવી પડશે. આપણા વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિચારો અહીં વ્યક્ત કર્યા છે. ભારતને એકતાના સૂત્રમાં પરોવીને સમગ્ર વિકાસ એમનું લક્ષ્ય છે. ગરીબીનો અર્થ  અને દર્દ પણ સમજે છે. ગરીબીને માત્ર મનની અવસ્થા બતાવવાવાળાઓની વિચારધારા પ્રત્યે ચિંતિંત નજરે પડે છે  અને બીજી તરફ સુશાસન માટે કટિબદ્ધ છે. દરેક થાળી માટે રોટલી હોય ત્યારે જ શક્ય છે કે દરેકને રોજગાર મળે. ખેડૂતોની મહેનતને ઓળખી શકાય. રક્ષા-સુરક્ષા, સુખ, સમૃદ્ધિ, શિક્ષા, સંસ્કૃતિ તેમજ સભ્યતા પુષ્પિત ભારત પરિકલ્પનાને પોતાના હ્રદયમાં સંજોવીને તેઓ રામરાજ્યની સ્થાપના તરફ વધતા પ્રતિત થાય છે. લોકતંત્રના સાચા મૂલ્યો સ્થાપિત કરવા વૈજ્ઞાનિકો, ઔદ્યોગિક તેમજ ટેકનીકી પ્રગતિની બાબતે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા ઈચ્છે છે.

આજની યુવાપેઢી આમ જોઈએ તો ટેકનોલોજીનો સારી રીતે ઉપયોગ કરી શકે અને પોતાના જીવનને સારા માર્ગે વાળી શકે છે. પરંતુ, આજનું યુવાધન મોબાઈલ નો દૂર ઉપયોગથી

જીવનને ખોટા માર્ગેવાળી રહી છે. ભારતની મોબાઇલ ક્રાંતિથી અનેક સારા-માઠાં સમાચાર પણ જાણવા મળે છે.

"યુવાપેઢી ક્યા રસ્તે"? એક ભારત શ્રેષ્ઠ ભારતની યોજનાથી એકબીજા રાજ્યની સંસ્કૃતિ જાણી અને માણી શકાય છે.પણ યુવાપેઢીની વાત અંગે વિચારી અને ચકાસીએ કે એ અંગે દિમાગમાં કેટલું ભંડોળ છે. ત્યારે દુ:ખદ અહેસાસ થાય છે. અધધધ યુવાનો સામે આટલી બધી ફરિયાદો છે ? કાકા કાલેલકરનું કથન અચૂક યાદ આવે છે. એમણે કહેલું  યૌવન પાસે બધુ છે. માત્ર સુકાન નથી!

પણ બચુભાઈ કંઈક જુદુ જ કહે છે. યુવાનો પાસે માત્ર સુકાન જ નહી, સંસ્કાર, સદ્ બુદ્ધિ,સમજદારી

દુનિયાદારી,'કોઠાસૂઝ....બધુ જ ઓછું છે. એમની પાસે તનનો તરવરાટ છે. મનના મનસૂબાઓ

છે. અને ધનના ઢગલાઓ છે. પણ સ્વતંત્ર વિચાર શક્તિ નથી.

નક્કર ઇરાદાઓ છે, પણ સારું નરસું પારખવાની વિવેક બુદ્ધિ નથી. દિલમાં લાગણીઓ છે, પણ

દિમાગમાં લક્ષ નથી. પગમાં ગતિ છે, પણ દિશાસૂઝ નથી. એમના અંતરમાં આવેગ છે અને ઉમળકો તો દુનિયાભરનો છે, પણ વર્તનમાં ગંભીરતા અને ઠરેલતા નથી.

પરિપકવતાનો ખાસ્સો અભાવ છે. એમની પાસે યૌવનની મસ્તી જ મસ્તી છે, પણ દીર્ઘદષ્ટિ નથી.

કપાયેલ પતંગ ગમે તે દિશામાં ઘસડાય છે, તે રીતે યુવાપેઢી દિશાહીન બની ગઈ છે.પરીક્ષાના

પરિણામો પ્રગટ પછી તેમની બેવકૂફીનું રિઝલ્ટ પણ પ્રગટ થાય છે. 98% વાળો હોશિયાર વિધાર્થી

મેડિકલમાં પ્રવેશ મેળવે એટલે, તેના પચાસ ટકાવાળા મિત્રો મેડિકલમાં જવાની જીદ પકડે છે.

મા-બાપ દેવું કરીને દૂરની કોલેજમાં પ્રવેશ અપાવે છે. પછી ત્યાં ભણવાને બદલે હોસ્ટેલના મિત્રો સાથે એકી શ્વાસે બિયરની આખી બાટલી પૂરી કરી દેવાની શરત લગાવે છે અને બિયર ન

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

પી શકવાને કારણે 500 /- રૂપિયા જાય છે. આમ પોતાનું જીવન બરબાદ કરી માતા-પિતાને દેવામાં ડૂબાડી દે છે.

બીજી બાજુ ભારત પાસે આજે વિશ્વમાં સૌથી વધુ યુવાશક્તિ છે. યુવાનો જોશથી ભરેલા હોય છે.

યુવા વસ્તીનો અર્થ કાર્યશીલ વસ્તી એવો પણ થાય. ભારતમાં નાનાં બાળકો અને અકાર્યશીલ એવા વૃદ્ધાં કરતાં યુવાનોની સંખ્યા પ્રમાણમાં વધારે છે. આંખોમાં આશાઓ અને નવા- નવા સપના સાથે ઉડાન ભરતા આજના યુવાઓમાં એમના સપના પૂરા કરવાની તાકાત અને આખી દુનિયાને પોતાની મુઠ્ઠી માં કરવાનું સાહસ હોય છે. આજ સાહસ અને ઇચ્છાશક્તિને કારણે જ એમને યુવાન કહેવાય છે.

આમ યુવાની વ્યસન, ફેશનમાં સમયનો બગાડ કરી વહી જાય તો યુવાપેઢીને મળેલ સામાજીક, ઐતિહાસિક, સાંસ્કૃતિક વારસો લુપ્ત થઈ જાય, માટે યુવા પેઢીને સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા વારંવાર નવી દિશા અને પ્રોત્સાહન આપવું જોઈએ.

યુવાનો પોતે ખૂબ સારો અભ્યાસ કરતાં હોવા છતાં, બેરોજગાર રહેવા ના કારણે પોતાના મૂલ્યવાન જીવનનો માર્ગ યોગ્ય દિશામાં ન જતાં અવળે રસ્તે વ્યસનો કરી આવું મહા મૂલ્યવાન મનુષ્ય જીવન વેડફી નાખે છે.

આજે કૂદકેને ભૂસકે વધતી મોંઘવારી અને ચિંતાઓને કારણે થતી બિમારીઓ BP, ડાયાબિટીશ, કેન્સર વગેરેના ભરડામાં યુવાનો પોતાનું યૌવન ગુમાવી રહ્યા છે. આ ભારત દેશને મળેલા સંતો સ્વામી વિવેકાનંદ, ગૌતમ બુદ્ધ જેવા અનેક યુવાન સંતોના ઉપદેશથી આત્મખોજ કરી યુવાનોને એમના જીવનની યાદ તાજી કરાવવી જોઈએ.

યુવાનોને આગળ વધારવા અને ભારતને શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવા ખૂબજ પ્રયત્નો કરવા પડશે. સંસ્કાર અને ચારિત્રના પાઠો ભણાવવા પડશે. યુવાનોને વારંવાર સારા કાર્યોની નોંધ લઈ સન્માનિત કરવા પડશે. સરકારે સતત શિક્ષણકાર્ય કરતી શાળાઓ કોલેજોમાં તથા સમાજની સંસ્થાઓ વગેરે જગ્યાએ પ્રોત્સાહિત કરવા પડશે. તો જ ભારત ચારિત્રશીલ અને પ્રગતિશીલ રાષ્ટ્ર સ્થાપિત થશે. સાંસ્કૃતિક વારસાને જાળવી એક સમૃદ્ધ રાષ્ટ્ર બની શકશે.

હાલની સૌથી મોટી તાજી સમસ્યા દારૂ પીવાની ફેશન નશાકારક કેફી દ્રવ્યો, સિગારેટ, ડ્રગ્સ વગેરે નશાકારક વસ્તુઓનું સેવન બંધ કરાવવા દરેક નાગરિકોએ કમર કસવી પડશે. આમ જ કેટલાય યુવાનો આવા રવાડે ચડીને વ્યસનો કરીને જીવન બરબાદ કરતા રોકવા પડશે. અને આવા વેપાર કરનાર વ્યક્તિઓને કડક સજા કરવી પડશે. આમ યુવાનો પોતાના યૌવન ને નાશ કરી ભારતને સતત પછડાટ આપી એક અખંડ અને પ્રગતિશીલ રાષ્ટ્ર બનાવી નહીં શકે.

ભારતને શ્રેષ્ઠ રાષ્ટ્ર બનાવવા હંમેશા યુવાપેઢીએ આગળ વધવું પડશે અને તો જ ભારત એક 'શ્રેષ્ઠ ભારત' બની શકશે. યુવાનોને સાચી દિશા મળી રહે તેવા સરકારશ્રીના સતત પ્રયત્નો છે. પરંતુ માતા – પિતાએ પણ આ બાબતે યોગ્ય દિશાએ પોતાના સંતાન જાય તેની સતત કાળજી લેવી જ જ પડશે. વડીલોના વારસાને અને સંસ્કારોને સતત યુવાનોમાં સિંચન કરવું પડશે.પેઢી દર પેઢીના મૂલ્યો જળવાઈ રહે તેવા મૂલ્યોથી સતત માહિતગાર કરવા માતા-પિતાએ પણ પોતાના બાળકોને યુવાની માં હૂંફ,પ્રેમ આપી નજીક રહેવું પડશે. શિક્ષણ સાથે સંસ્કાર મળે તેવા ગુરુજનો ના પણ પ્રયત્નો કરવા પડશે. સિદ્ધિ મેળવેલ સાહસવીરો દેશસેવકો, ક્રાંતિકારીઓ સ્વતંત્ર સેનાનીઓના જીવન વિશે વારંવાર માહિતગાર કરવા પડશે. તેમને પણ આવા સાહસના કાર્યો કરવા પ્રેરિત કરી પ્રોત્સાહન આપવું પડશે. દેશભક્તિનો રંગ યુવા પેઢીને ચડે તેવા પ્રયત્નો કરવા પડશે.

યુવાનોમાં રહેલ જુસ્સો અને સાહસને યોગ્ય દિશા મળે તેવા અભ્યાક્રમ તથા તેમાંથી મળતી માહિતી પણ જીવનને યોગ્ય રીતે ઉપયોગી બની રહે તેમ સરકારે પણ કરવું પડશે.

વ્યસનોથી સતત દૂર રાખવા વ્યસન માટે પોતાની રોજગારી કરતા વ્યક્તિઓને યોગ્ય રોજગારી મળી રહે અને આવા ધંધાના વ્યક્તિઓને શિક્ષાત્મક પગલાં ભરી આવા વેપાર બંધ કરવા પડશે.

યુવાપેઢીના દરેક વ્યક્તિઓ પાસે કોઈપણ રીતે વપરાતા મોબાઇલમાં આવતાં મગજને અવળે રસ્તે લઈ જનાર દ્રશ્યો દૂર કરવા પડશે. જેથી ફક્ત કામના અને ઉપયોગી દ્રશ્યો કે લેખ હોવા જોઈએ તે જરૂરી છે.

ધાર્મિક બાબતો અને દેશભક્તિની વીરકથા, બોધકથા, ફિલ્મો કે ચલચિત્રો સાથે જોડાણ કરી પોતાના જીવનમાં સદ્ઉપયોગ કરી શકે તેવી ટેકનોલોજી વિકસીત કરવી જોઈએ. તો ને તો જ ભારતની યુવા પેઢીઓ ભારતને શ્રેષ્ઠ ભારતની પરિકલ્પના સુધી પહોંચવામાં મદદરૂપ બની ભારતને શ્રેષ્ઠ બનાવવા ઉમટી પડશે અને ચોક્કસ ભારત એક સુશિક્ષિત, વિકસિત, મૂલ્યોથી ભરપૂર, આર્થિક અને સમૃદ્ધ વિશ્વ ગુરુ રાષ્ટ્ર બની શકશે.

ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી માનનીય જવાહરલાલ નહેરુજીના યુવાપેઢી માટેના વિચારો.

શિક્ષણ એ ભવિષ્યની પ્રગતિ માટે અનિવાર્ય છે. યુવાનોને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા અને તર્કસંગત વિચારસરણી વિકસાવવા માટે પ્રેરિત કરતા હતા. રૂઢિચુસ્તતા છોડી આધુનિક વિચારધારા અપનાવવા પ્રોત્સાહિત કરતા હતા. વિજ્ઞાન ટેકનોલોજી દેશના વિકાસ ના પાયા તરીકે જોવી અને તે યુવાનો દ્વારા સાકાર થઈ શકે છે. યુવાનોમાં સામાજીક જવાબદારી ની ભાવના જાગૃત કરવી. ગરીબો અને જરૂરિયાતમંદો પ્રત્યે સંવેદનશીલ રહેવા પર ભાર મૂક્યો. નિર્ભયતાથી વિચારવા, પ્રશ્નો પૂછવા અને દેશના નિર્માણમાં સક્રિયપણે ભાગ લેવા પ્રોત્સાહિત કરતા હતા.

સ્વામી વિવેકાનંદ

12 જાન્યુઆરી 1984 માં તેમનો જન્મ થયો તે દિવસ યુવા દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય લીધો.

આ ઉજવણીથી યુવાનો પ્રેરિત થઈ શકે છે અને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવી શકે છે. તે માનતા હતા કે યુવાનો શક્તિશાળી, શિક્ષિત અને નૈતિક મૂલ્યો ધરાવતો દેશ બનશે અને આપમેળે પ્રગતિ કરશે. યુવાનો આત્મવિશ્વાસ રાખી, નિર્ભય બની જીવનના પડકારોનો સામનો કરવા પ્રેરિત થશે. સ્વામી વિવેકાનંદના ઉપદેશોથી સ્વ-શિસ્ત, જવાબદારી, પરિશ્રમ અને આધ્યાત્મિક જાગ્રતિ પર ભાર મૂકે છે.

આજના ઝડપી અને ડિઝીટલ યુગમાં સ્વામી વિવેકાનંદના વિચારો વધુ પ્રાસંગિક બની ગયા છે. તેમનું સૂત્ર ‘ઉઠો જાગો અને, લક્ષ્ય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અટકો નહી’.આ વિચાર આજના યુવાનોને કારકિંદી જીવન અને રાષ્ટ્રસેવાના માર્ગે આગળ વધવા માટે શક્તિ આપે છે. દેશની

સાચી તાકાત તેના યુવાનો છે. આજનું યુવાધન દઢ અને સહાયક વિચારો તેમના મગજમાં દાખલ થવા દે. શરીરના અંદર રહેલા વિચારો મુજબ ઘડાય છે. આ રીતે દરેક રાષ્ટ્ર તે પ્રજાના વિચારોની અભિવ્યકિત છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ ક્લામ અને યુવાનો.

ડૉ.કલામ નવીનતા, સર્જનાત્મકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે અને યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે. એક નેતા તરીકે, નવીનતા અને સર્જનાત્મકતાની સંસ્કૃતિને

પ્રોત્સાહન આપવું. ટીમને બોક્સની બહાર વિચારવા અને સર્જનાત્મક વિચારો સાથે આવવા માટે પ્રોત્સાહિત કરવું આવશ્યક છે. હંમેશાં આશાવાદી રહો.

ડૉ.અબ્દુલ કલામ તેમના સમગ્ર જીવન દરમિયાન અનેક પડકારોનો સામનો કર્યો હોવા છતાં, ડૉ. કલામ હંમેશાં આશાવાદી અને સકારાત્મક રહ્યા. તે માનતા હતા કે જો તમારી પાસે યોગ્ય વલણ હોય

અને તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સખત મહેનત કરો, તો કંઈપણ શક્ય છે. એક નેતા તરીકે આશાવાદી રહેવું, ટીમને પોતાની જાતમાં અને તેમની ક્ષમતાઓમાં વિશ્વાસ રાખવા માટે પ્રેરણા અને પ્રેરણા આપે છે. કલામનું જીવન સાબિત કરે છે કે ગરીબી અને મુશ્કેલી ઓ હોવા છતાં, સખત મહેનત અને સમર્પણથી કોઈપણ વ્યક્તિ પોતાના ધ્યેયને મેળવી શકે જ છે. તેઓ યુવાનોને મોટા સપના જોવા અને તે સપના તે સાકાર કરવા માટે રાત- દિવસ મહેનત કરવા પ્રેરિત કરતા હતા, ખાસ કરીને ‘આકાશ તરફ જુઓ’ એવો સંદેશ ખૂબ પ્રખ્યાત છે.

તેમનું જીવન અને કાર્ય આજે પણ કરોડો યુવાનો માટે દિશાસૂચક છે. જેઓ તેમને ‘મિસાઇલ મેન ઓફ ઇન્ડિયા’ અને ‘પીપલ્સ પ્રેસિડેન્ટ’ તરીકે યાદ કરે છે. આ આજના યુવાનો માટે અને દેશ માટે ખૂબ પ્રેરણાના સ્રોત તરીકે ઉપયોગી બની શકે છે.

પ્રાચીનકાળમાં જંગલોમાં ભટકતો માનવી આજે જળ, થળ અને નભનો સ્વામી બની બેઠો છે. મનની મક્કમતાનું જીવતું જાગતું ઉદાહરણ છે. મક્કમ મનોબળવાળો માનવી શું ન કરી શકે? આમ દૃઢ મનોબળ બનાવવા યુવાશક્તિને એ મુજબના માર્ગે વાળવા પ્રયત્નો કરવા જોઈએ.

આપણી સંસ્કૃતિમાં શરણે આવેલાને રક્ષણ આપવાનો મહિમા ખૂબ મોટો છે. માનવી તો ઠીક, પણ શરણે આવેલા પશુ-પક્ષીની સેવા તથા રક્ષા માટે જીવન ત્યજવા તૈયાર થયેલા અનેક મહાપુરુષોની

કથાઓ જાણીતી છે. શિબિરાજા પોતાના શરણે આવેલા હોલાના પ્રાણની રક્ષા માટે કઈ રીતે પોતાની જાતનો ભોગ આપવા તત્પર થાય છે અને દેવોની કસોટીમાંથી પસાર થાય છે. તેવી પ્રાચીન અને ઋષિકુળની વાતો યુવાનોને સંભળાવવી કે વંચાવવી જોઈએ. દરેક ઘરમાં પોતાના યુવા બાળકોની

સાથે બેસી દિવસ દરમિયાનની વાતોની ચર્ચા કરી તેમને યોગ્ય માર્ગદર્શન પુરું પાડવું જોઈએ. તથા યોગ્ય માર્ગે પોતાના સંતાનો ચાલે છે. તેનું ધ્યાન રાખવું જોઈએ. યુવાનો ડરપોક કે માયકાંગલા

ન બને કે શોષિત કે લાચારીમાં ન સપડાઇ જાય તેની કાળજી રાખવી જોઈએ. તેજસ્વી યુવાનોને તેમની બુદ્ધિશક્તિ મુજબ કાર્યો કે દેશપ્રેમ, દેશભક્તિના કાર્યોમાં જોતરવા પ્રયત્નો કરવા જોઈએ. આમ ભારતને સશક્ત બનાવવા સૌથી મહત્વની કડી યુવાશક્તિ છે. તેનાથી જ ભારત સશક્ત બની શકશે તેમ ધ્યાનમાં રાખવું જોઈએ. તેમની નશ નશમાં ભારતના નાગરિક તરીકેનું ગૌરવ સદાકાળ રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

યુવાનોને દેશસેવા કે દેશ રક્ષાના માર્ગે વાળવા એ પણ અત્યારના સમયની માનસિક સમસ્યા છે. પરંતુ એક ઉપાય મનોવિજ્ઞાનીઓ અને ચિકિત્સકો જેઓ હદયથી સેવા કરવા માગે છે, તેઓ સ્કૂલો અને કોલેજો સાથે સંપર્ક કરી, આ પ્રકારના યુવાનોને / વિધાર્થીઓને દર અઠવાડિયે બે-ત્રણ કલાક મફત કાઉન્સેલિંગ આપી શકે.

પંદર વર્ષ પહેલાં અમુક દેશોમાં અમ્મા એ ભક્તોને તેમના શહેરના અંતરિયાળ ભાગોમાં આવેલી સ્કૂલોના વિદ્યાર્થીઓને આ પ્રકારની સેવાઓ આપવાને કહ્યું હતું. આ બાળકોમાં આવેલ પરિવર્તનના અનુભવ પર આધારિત અમ્મા સૂચવે છે.

દસ વર્ષ પહેલાં ૧૦૮ ગામ દત્તક લીધા હતા. સ્થાયી વિકાસને પ્રોત્સાહન આપવા આજે ૫૦૦ ગામમાં કામ કરીએ છીએ. તેમનો સામાજીક દ્રષ્ટિકોણ બદલવા અને સામાજીક લાભદાયક ઉકેલ લાવવા દરેક ગામમાં ઓછામાં ઓછા બે માણસો રાખ્યા છે. આજે 300 થી પણ વધુ ગ્રામીણ કામદારો ગામડાનું પરિવર્તન લાવવા કામ કરી રહ્યા છે. જેના કારણે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની અનેક મહત્વની યોજનાઓ લાગું કરી છે. જનધન યોજના, ક્રાંતિકારી આર્થિક યોજના, સ્કિલ ઇન્ડિયા મિશન, આયુષ્યમાન ભારત, હેલ્થ ઇન્સ્યોરન્સ વગેરે પહોંચાડી અને યુવાનોને જાગૃત કર્યા છે.

ભારત આધ્યાત્મિક્તાની ભૂમી છે. આપણા પ્રાચીન ઋષિઓના તપ અને ત્યાગના સ્પંદન આજે પણ અંતરિક્ષમાં વ્યાપ્ત છે. ઋષિઓની આ સમજ સર્જનની પ્રત્યેક વસ્તુમાં, ચર કે અચરમાં વ્યાપ્ત આત્મા, ચેતના એક જ છે અને હું જ તે પરમ સત્ય છું આનો સાક્ષાત્કાર કરી તેમને જાગૃત કરવા પ્રયત્નો કર્યા છે. ચાલો પરિવર્તનનો એક દિપ યુવાનોમાં પ્રજ્વલિત થાય અને વિશ્વભરમાં લઈ જઈ શકાય. આ મહાન યજ્ઞ યુવાશક્તિને જાગૃત કરવા અને ભારતને શ્રેષ્ઠ ભારતનું સ્વરૂપ આપતા મહાન શંખનાદના પડઘા,આખા વિશ્વમાં સંભળાય અને ભારત યુવા શક્તિથી વિશ્વગુરુ બની રહે તેવા તમામ માનવ મહેરામણના બંધ દ્વાર ખોલવા સર્વત્ર પ્રકાશ ફેલાઈ લેવા પ્રયત્નો કરીએ.

જય હિન્દ.....જય યુવાશક્તિ....

- સંદર્ભ સૂચિ....

o પંક્તિઓ:- કવિ નર્મદ

o ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લિ.

o યુવાપેઢી ક્યા રસ્તે?- દિનેશ પાંચાલ.

- આજની યુવાપેઢી- જશ લોડરિયા.
- માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારો.
- ભૂતપૂર્વ માનનીય પ્રધાનમંત્રીશ્રી નહેરુજી ના વિચારો.
- સત્ય મંથન- સ્વામી વિવેકાનંદ
- મધુવન વિચાર શક્તિ
- ડૉ. અબ્દુલ કલામ નેતૃત્વના પાઠ - ઉદય ઓઝા
- ડૉ. અબ્દુલ કલામ અને યુવાનો વચ્ચેનો સંબંધ.
- હિન્દુ આખ્યાન માંથી- નાનાભાઈ ભટ્ટ.
- સમાજ પરિવર્તન નો નવો માર્ગ
- અર્મિતા ઇન વેબ સાઈટ